પત્રક-૧

'પીજીવીસીએલ વિભાગીય કચેરી લોક દરબાર - ૨૦૧૮'

વિભાગીય કચેરી : ભાવનગર ગ્રામ્ય, વર્તુળ કચેરી : ભાવનગર, તારીખ : **07/03/2018**, સમય : **10:30**

નિરાકરણ કરનાર અધિકારીશ્રીનું નામ અને મોબાઈલ નંબર : જે.આર.વેલેરા

રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા : **22**, નીતિ વિષયક પ્રશ્નોની સંખ્યા : **0**, નિકાલ પ્રશ્નોની સંખ્યા : **22**, પ્રગતિ હેઠળ પ્રશ્નોની સંખ્યા : **0**

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | પ્રશ્નની વિગત | લોક દરબારમાં આપેલ જવાબ | અદ્યતન જવાબ | નિકાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| **1** | કણજરીયા ભાવચંદબાબુભાઇ | ડીપોઝીટ ની રકમ પરત મેળવવા બાબત | પેટા વિભાગીય કચેરી દ્વારા ડીપોઝીટ રીફંડ માટેની પ્રપોઝલ પત્ર નં: ૩૩૦૨ તા:૨૭/૧૨/૨૦૧૭ ના રોજ સક્ષમ અધિકારી પાસે મોકલેલ જેની મંજુરી મળી ગયેલ છે આથી ચેક નીકળ્યે થી અરજદારને ડીપોઝીટ ના નાણા પરત મળી જશે આમ સદર બાબત ની સમજણ અરજદારને રૂબરૂ કરેલ છે | | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| **2** | ભુપેન્દ્રભાઇ એન રાવલ | રસ્તા વચ્ચે નડતર રૂપ વીજ પોલ હોય ખસેડવા બાબત | સ્થળ તપાસ કરેલ્ છે સદર કામ નો નિકાલ દિન ૧૦ માં કરવામાં આવશે | સ્થળ તપાસણી દરમ્યાન વીજ અકસ્માત નિવારવા માટે વીજપોલ સ્થળાંતર કરવાની જરૂરિયાત જણાતા સદર હું કામગીરી **SI** યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ છે. સદર હું કામગીરી તા. **31-03-18**નાં રોજ પુર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **3** | હરિશ વી.પવાર | બાલાજી નગર માં મકાન ની અંદર વીજપોલ છે જે નડતર રૂપ છે | અગાઉ આ પ્રશ્ન સબ ડીવીજન પાસે આવેલ જેમાં સદર પોલ પર હાલ માં પીજીવીસીએલ ની હળવા કે ભારે દબાણ ની કોઇ લાઇન નથી પરંતુ સદર પોલ પર સદર વીજ કનેક્શન નો સર્વિસ વાયર લગાડેલ છે જેની સમજણ અરજદાર ને આપેલ છે. | | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **4** | રણજીતસિંહ જોરસંગભાઇ પરમાર | જગદીશવરાનંદ સોસાયટી માં વોલ્ટેજ ડીમ પડે છે જેથી વીજ ઉપકરણો ચાલતા નથી | સ્થળ તપાસ કરી , ઘટતું કરવામાં આવશે | તા.૨૩-૦૩-૨૦૧૮ ફરિયાદ નું નિરાકરણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **5** | અજયભાઇ શુકલ | સ્ટ્રીટ લાઇટ રિપેરિંગ ની કામગીરી(ફરિયાદ) કોણે કરવી નગરપાલિકા અથવા પી .જી .વી. સી .એલ ? | અરજદાર ને જણાવેલ કે , પીજીવીસીએલ દ્વવારા નગરપાલિકા ને સ્ટ્રીટ લાઇટ નં વીજ જોડાણ આપેલ હોય છે જેની દેખરેખ નગરપાલિકા દ્વવારા જ કરવાની હોય છે તેમ છતાં જરૂર જણાયે નગરપાલિકા ને પીજીવીસીએલ મદદ કરશે , આ બાબત ની ચર્ચા હાજર નગરપાલિકાના પ્રમુખ શ્રી સાથે પણ કરેલ | | નિકાલ<br>સ્ટ્રીટ લાઇટ |
| **6** | રઝાકભાઇ સતારભાઇ સોલંકી | લીલાપીર વિસ્તાર માં વોલ્ટેજ ડીમ પડે છે જેથી વીજ ઉપકરણો ચાલતા નથી | લીલાપીર વિસ્તારમાં ડીમ વોલ્ટેજ નો પ્રશ્ન હોય , શિહોર ટાઉન સબ ડીવીજન દ્વવારા સદર ટ્રાન્સફોર્મર નં લોડ બેલેન્સીંગ કરાવેલ છે તેમજ સદર ટ્રાન્સફોર્મર ના બાયફરકેશન નં કામ શરુ છે જેમાં , ડબલ પોલ સ્ટ્રક્ચર થઇ ગયેલ છે | તા.૨૬-૦૩-૨૦૧૮ ફરિયાદ નું નિરાકરણ કરવામાં આવેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| **7** | વિઠલભાઇ હીરાભાઇ , રહેવાસી ગુંદાળા | ૩૬૫૦૧-૦૧૭૪૫-૯ ગ્રાહક નંબર વાળું વીજ મીટર ઉતારી લેવા બાબત. | અરજદાર વીજ ચોરી માં પકડાઇ ગયેલ હોય અને પૈસા બાકી હોય, જો પીજીવીસીએલ માં બાકી રકમ ના ૭૫ % ભરપાઇ કરે વીજ મીટર ફરી શરુ કરવામાં આવશે | | નિકાલ<br>વીજ ચેકીંગ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | રમેશભાઇ જસમતભાઇ બારૈયા | પ્રભુભાઇ મોહનભાઇ નું ૩૬૫૦૩-૦૧૨૫૫-૧ ગ્રાહક નંબર વાળા વીજ જોડાણ માં ૨૩૦૧૬ રૂપિયા બાકી હોવાથી હપ્તા કરી વીજ જોડાણ શરુ કરવા બાબત | અરજદાર વીજ ચોરી માં પકડાઇ ગયેલ હોય અને પૈસા બાકી હોય, જો પીજીવીસીએલ માં બાકી રકમ ના ૭૫ % ભરપાઇ કરે વીજ મીટર ફરી શરુ કરવામાં આવશે | | નિકાલ<br>વીજ ચેકીંગ |
| 9 | પ્રવીણભાઇ નરશીદાસ દાનીધારીયા | ઘરવપરાશ ના વીજ જોડાણ મળવા બાબત. | અરજદાર ના નામનું બાકી લ્હેણી રકમ હોઇ, ભરપાઇ થયાબાદ વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. તેવી સમજણ અરજદાર ને આપેલ છે. | | નિકાલ<br>નવા કનેકશન |
| 10 | ભલાભાઇ ડાયાભાઇ બર્બસીયા | નવા મંજુર થયેલ વીજ જોડાણ માં લોડ ઘટાડો કરવા બાબત | લોડ ઘટાડા માટેની કાર્યવાહી કરીને નવું અંદાજપત્ર આપવામાં આવશે. | | નિકાલ<br>લોડ વધારો / ઘટાડો |
| 11 | કરશનભાઇ બર્બસીયા | ખારી ગામે સ્મશાન ની જગ્યા માંથી પસાર થતી વીજ લાઇન ફેરવવા બાબત. | જરૂરી સર્વેકામ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. | ખારી ગામે સ્મશાન ની જગ્યા માંથી પસાર થતી ૨ પોલ ની વીજ લાઇન સ્મશાન પરથી ફેરવીને કામગીરી તા ૧૫/૦૪/૨૦૧૮નાં રોજ પૂર્ણ કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| 12 | પરમાર ભુપતભાઇ ભોથાભાઇ | અરજદાર પાસે હાલમાં નાણાની સગવડતા ના હોય ખેતીવાડી વીજકનેકશન ના અંદાજપત્ર માં સમય મર્યાદા વધારવા બાબત. | સદર અરજદાર શ્રી ભુપતભાઇ બોથાભાઇ નવા ખેતીવાડી વીજજોડાણના અંદાજપત્રમાં ૬ મહિનાની સમયમર્યાદા માટેની અરજી લઇને કાર્યવાહી ચાલુ કરેલ છે. | | નિકાલ<br>નવા કનેકશન |
| 13 | દલુભાઇ મન્ગીભાઇ | ભાનગઢ ગ્રાહક નં ૩૬૪૩૭૦૦૦૩૮૪ વિજગેરરીતીમાં રાહત કરી આપવા બાબત | સદરગ્રાહક લોકલ એપીલેટ માં બોલાવીને સદર ગ્રાહકનું વિજ ગેરરીતિના બીલમાં યોગ્ય સમાધાન કરી પ્રશ્ન નો નિકાલ કરેલ છે | | નિકાલ<br>વીજ ચેકીંગ |
| 14 | બોથાભાઇ રવજીભાઇ | ભાનગઢ ગ્રાહક નં ૩૬૪૩૭૦૦૦૨૮૭ વિજગેરરીતીમાં રાહત કરી આપવા બાબત | સદરગ્રાહક લોકલ એપીલેટ માં બોલાવીને સદર ગ્રાહકનું વિજ ગેરરીતિના બીલમાં યોગ્ય સમાધાન કરી પ્રશ્ન નો નિકાલ કરેલ છે | | નિકાલ<br>વીજ ચેકીંગ |
| 15 | જેરામભાઇ કેસરભાઇ પરમાર | વર્ષ-૨૦૧૬ માં નવા ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજી કરેલ જે આજ દિન સુધી મળેલ નથી. | સદર ખેતીવાડી કનેક્શન માટેનો લક્ષ્યાંક સરકારશ્રી દ્વારા આપવામાં આવતો હોય વારા મુજબ ખેતીવાડી વીજ કનેક્શન આપવામાં આવશે | | નિકાલ<br>નવા કનેકશન |
| 16 | મકોડભાઇ માવજીભાઇ વીરડીયા | શામપરા સીદસર ગામે માજી સરપંચ વાળી શેરી માં વીજ જોડાણ માટેની લાંબી સર્વિસ ને બે પોલ ઉભા કરવી ને વાયર નાખી ને સર્વિસો ટૂંકી કરવી | સદર કામગીરી દિવસ-૧૦ માં કરી આપવામાં આવશે. | સદર પ્રશ્ન અન્વયે ૨ પોલ ઉભા કરી સર્વિસ વાયર નાખેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |
| 17 | સંજય સિંહ | એમ એમ ટી ની માંગણી ભાલ પંથક માટે લાગુ કરેલ છે પરંતુ હજુ મળી નથી | સદર એમ.એમ.ટી. ની મંજુરી માટે વિભાગીય કચેરી દ્વારા તાઃ ૩/૧/૨૦૧૮ પત્ર નંઃબીઆરડી/ટેક-૨/૫૫ થી ઉપરોક્ત કચેરી એ મોકલેલ છે. જે મળ્યે થી એમ.એમ.ટી આપવામાં આવશે તેવી સમજણ અરજદાર ને આપેલ છે. | | નિકાલ<br>નવી કચેરી સંબધિત |
| 18 | ઉદેસંગભાઇ | ખેતા ટીંબી ગામે એલ ટી ના વાયર બદલવા અને એજી ફીડર ના ક્રોસિંગ દુર કરવા | સદર કામગીરી માટેની તંત્રીકી મંજુરી આવેલ હોય કામગીરી ૬૦ દિવસ માં કરી નાખવામાં આવશે. | ખેતા ટીંબી ગામે ૩ ટીસી નાની ક્ષમતા ના મૂકી ને એલટી લાઇન દુર કરી અને તા. ૧૫-૦૪-૨૦૧૮ ના ક્રોસિંગ પણ દુર કરેલ છે. | નિકાલ<br>મેઇન્ટેનન્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **19** | જીગ્નેશ શિયાળ | અરજદાર દ્વારા અધેલાઇ ગામમાં નવું સબ-સ્ટેશન બનાવવા બાબત. | વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માં વેળાવદર ગામે નવું સબ-સ્ટેશન માટેની મંજુરી આવેલ છે, જે વેળાવદર ગામે ન કરતા અધેલાઇ ગામે કરી શકાય આથી તેની તંત્રીકી મંજુરી માટેની જરૂરી દરખાસ્ત કર્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે. | | નિકાલ<br>જેટકો |
| **20** | ધીરુભાઇ ચૌહાણ | વલ્લભીપુર પેટા વિભાગીય કચેરી માં સ્ટાફ ની અછત હોય વધુ સ્ટાફ આપવા બાબત. | સદર બાબત નીતિવિષયક હોય કાર્યવાહી થઇ શકે તેમ નથી. | | નિકાલ<br>કચેરી સંબધિત |
| **21** | મહિપત સિંહ ઘેલડા | સદર અરજદાર દ્વારા ઘરવપરાશ ના વીજ કનેક્શન માટે નામ ફેરફાર કરવા બાબત | સદર અરજદાર ને નામ ફેરફાર માટેના જરૂરી દસ્તાવેજ ની સમજણ આપેલ જે અરજદાર દ્વારા પેટા વિભાગીય કચેરી માં જમા કરાવતા નામ ફેરફાર માટેની કાર્યવાહી કરેલ છે. | | નિકાલ<br>રેવેન્યુ / બીલ |
| **22** | ઉદેસંગ ભાઇ | ખેતીવાડી કનેક્શન માં બળેલ મીટર નો ચાર્જ વસુલ કરવા બાબત. | સદર અરજદાર ને ટર્મિનલ કવર બળી જવાને લીધે મીટર બળી ગયેલ હતું આથી નિયમોનુસાર બળેલ મીટર નો ચાર્જ વસુલવામાં આવેલ તેમ સમજણ આપવામાં આવેલ. | | નિકાલ<br>મીટર સંબધિત |
| એકપણ રજુઆત આવેલ નથી | | | | | |